# ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લી., મહેસાણા વિભાગ

**જાહેર નિવિદાનં.૧ (૨૦૧૯-૨૦)**

કાર્યપાલક ઇજનેરની કચેરી,
પોલીસ ક્લબ બિલ્ડીંગ,નવા કોમ્યુનીટી હોલ સામે,
પોલીસ હેડ ક્વાર્ટર,મહેસાણા-૩૮૪૦૦૧,ફોન/ફેકસ નં.૦૨૭૬૨ ૨૨૧૩૭૫
**CIN : U45201GJ1988SGC011453**
**website** www.gsphc.gujarat.gov.in
**E-mail ID :eemsn.gsphc@yahoo.in**

ગુજરાત રાજયના જાહેર બાંધકામ ખાતાનાં તથા રાજ્ય સરકારશ્રી હસ્તકના બાંધકામ વિભાગોના ઠેકેદારોની માન્ય યાદીની યોગ્ય શ્રેણીમાં નોધાયેલ સિવિલ/ઇલેક્ટ્રીકલ કામના ઠેકેદારશ્રીઓ પાસેથી નીચેના તમામ કામો માટે ટેન્ડરો નીચે દર્શાવેલ તારીખ સુધીમાં મળી જાય તે રીતે મંગાવવામાં આવે છે. અનુક્રમ નં.૧ થી ૬ ના ટેન્ડર કામ માટે જરૂરી ટેન્ડર ફી નો ડીમાન્ડ ડ્રાફ્ટ/પે ઓર્ડર,બાનાની રકમ,તાજાનોંધણીનું પ્રમાણપત્ર,બેંન્ક સોલવંશી સર્ટીફિકેટ (કામની અંદાજીત રકમના ૨૫% લેખે), છેલ્લા વર્ષનું રીટર્ન ફાઇલ કર્યા અંગેની કોપી,પ્રોવિડન્ટ ફંડ રજીસ્ટ્રેશન,ભાગીદારી પેઢી માટે ભાગીદારી ખત વિગેરે દસ્તાવેજો શીલ્ડ કવર સાથે રજુ કરવાના રહેશે. અનુક્રમ નં. ૧ થી ૬ના ટેન્ડર **ફક્ત ઈ-ટેન્ડરીંગ કમ રીવર્સ ઓપ્શન પધ્ધતિથી** કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી,ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લી., પોલીસ ક્લબ બિલ્ડીંગ,નવા કોમ્યુનીટી હોલની સામે,પોલીસ હેડ ક્વાર્ટર, મહેસાણા-૩૮૪૦૦૧ (ટે.નં.૦૨૭૬૨/૨૨૧૩૭૫) ની કચેરી ધ્વારા મંગાવવામાં આવે છે. અનુક્રમ નં. ૧ થી ૬ ના ટેન્ડર ફોર્મ ફક્ત **https://gsphc.nprocure.com** પર નીચે જણાવેલ તારીખથી ઉપલબ્ધ રહેશે તથા ઓન લાઈન સબમીટ કરવાના રહેશે. **અનુક્રમ નં. ૧ થી ૬ ના કામ માટે ટેન્ડરમાં ખાસ શરતોમાં માંગ્યા મુજબના ઓરીઝનલ દસ્તાવેજો સ્પષ્ટ રીતે જોઈ શકાય તે રીતે સ્કેન કરી ઓનલાઈન ટેન્ડર સાથે મુકવાના રહેશે.** તથા બાનાની રકમ અને ટેન્ડર ફી રજુ કરવાની છેલ્લી તારીખનો ઉલ્લેખ કરી શીલ્ડ કવર **અનુક્રમ નં. ૧ થી ૪ના કામો માટે નીચે જણાવેલ તારીખ સુધીમાં નિગમની મહેસાણા વિભાગીય કચેરી ખાતે રૂબરૂ/રજી.પોસ્ટ એડી/સ્પીડ પોસ્ટથી અવશ્ય રજુ કરવાનું રહેશે. તેમજ અનુક્રમ નં. ૫ થી ૬ના કામો માટે નીચે જણાવેલ તારીખ સુધીમાં નિગમની વડી કચેરી,ગાંધીનગર ખાતે રૂબરૂ/રજી.પોસ્ટ એડી/સ્પીડ પોસ્ટથી અવશ્ય રજુ કરવાનું રહેશે.** નિર્ધારિત તારીખ સુધીમાં બાનાની રકમ તથા ટેન્ડર ફી તેમજ રૂ.૧૦૦/- નો સ્ટેમ્પ પેપર એફીડેવીટ બોન્ડ અસલમાં શીલ્ડ કવરમાં રજુ કરવામાં નહિ આવે અથવા માન્ય ધારા ધોરણ મુજબ નહિ હોય તો તેવા ઇજારદારશ્રીનું ટેન્ડર નોન-રિસ્પોન્સીવ ગણી ટેકનીકલ અને અથવા પ્રાઇઝ બીડ ઓનલાઈન ખોલવામાં આવશે નહિ. અનુક્રમ નં.૧ થી ૬ ના કામ માટે જરૂરી ટેન્ડર ફી તથા બાનાની રકમનું કવર રજુ કરવાની છેલ્લી તારીખે આકસ્મિક કારણોસર જો રજા જાહેર થાય તો ત્યાર પછીના ચાલુ દિવસે સ્વીકારવામાં આવશે. આ અંગેની વિગત માહિતીખાતાની વેબસાઈટ **www.statetenders.com** તથા નિગમની વેબસાઈટ **www.gsphc.gujarat.gov.in** ઉપર પણ ઉપલબ્ધ છે.**બાનાની રકમ ભરવામાંથી બાનામુક્તિનું પ્રમાણપત્ર ફક્ત પોલીસ આવાસ નિગમનું જ ગ્રાહ્ય રાખવામાં આવશે. ઈ-ટેંડરીંગથી જે ઈજારદારશ્રીઓ ક્વોલીફાય થશે તે જ ઈજારદારશ્રીઓ નીચે જણાવેલ તારીખ તથા સમય ઓનલાઈન રીવર્સ –ઓપ્શનમાં ભાગ લઈ શકશે.**

| અ.નં. | કામનું નામ | (૧) અંદાજીત રકમ (રૂા.)<br>(૨) કક્ષા | (૩) બાનાની રકમ (રૂા.)<br>(૪) ટેન્ડર ફી (રૂા.) | રીવર્સ –ઓપ્શન શરૂ થવાની તારીખ અને સમય |
|---|---|---|---|---|
| ૧. | મહેસાણા જિલ્લાની **જિલ્લા જેલ મહેસાણા ખાતે જેલ સ્ટાફ કવાર્ટર કક્ષા બી-૦૪ (જી+૧) તથા સી-૦૨ (જી+૧) યુનિટનું** બાંધકામ.(વીજળીકરણ સહિત) (જેલ પ્રાયોરીટી અંતર્ગત) | (૧) ૮૪,૦૯,૮૨૧.૬૯<br>(૨) કક્ષા 'ડી' અને ઉપર | (૩) ૮૪,૦૯૮.૦૦<br>(૪) ૨૪૦૦.૦૦ | - |

| | | | | |
|---|---|---|---|---|
| ૨. | બનાસકાંઠા જિલ્લાના **ગઢ પોલીસ લાઈન ખાતે આર.સી.સી. રીટેઈનીંગ વોલનું** બાંધકામ. (ડી.જી.પી પ્રાયોરીટી અંતર્ગત) | (૧) ૨૩,૦૪,૪૦૭.૬૩<br>(૨) કક્ષા 'ઇ૧' અને ઉપર | (૩) ૨૩,૦૪૪.૦૦<br>(૪) ૯૦૦.૦૦ | - |
| ૩. | અરવલ્લી જિલ્લાના **પોલીસ અધિક્ષકશ્રીની કચેરી મોડાસા ખાતે ૨૯ મીટર ઉચાઈના એરીયલ માસ્ટ** બાંધવાનું કામ. **(હાઈમાસ્ટ મોનોપોલ ટાઈપ એરીયલ માસ્ટ) (ડી.જી.પી. કોમ્યુનીકેશન અગ્રતાયાદી)** (ત્રીજો પ્રયત્ન) | (૧) ૧૦,૩૪,૧૩૫.૦૭<br>(૨) કક્ષા 'ઈ૨' અને ઉપર | (૩) ૧૦,૩૪૧.૦૦<br>(૪) ૯૦૦.૦૦ | - |
| | **ખાસ નોંધ :-** (અનુ.નં. ૩ ના કામ માટે) એજન્સીએ ૨૯ મીટર કે તેથી વધુ ઊંચાઈના મોનોપોલ ટાઈપ હાઇ માસ્ટ ટાવર પૂરા પાડી ઇરેકશન કરવાની કામગીરીનું ઓછામાં ઓછું એક કામ છેલ્લા પાંચ વર્ષ માં સંતોષ-કારક રીતે પૂર્ણ કરેલ હોવું જોઈએ. ઉક્ત કામગીરીનો માગ્યા મુજબનો અનુભવ હોય તે એજન્સીએ ભાવો ભરવાના રહેશે. એજન્સીએ કામના અનુભવના પ્રમાણપત્રો રજૂ કરેલ હશે તેના જ ભાવો માન્ય ગણવામાં આવશે. રાજ્ય સરકારની માન્ય એજન્સીએ પાસે આ પ્રકારના કામનો અનુભવ ન હોય તો આ પ્રકારના કામની અનુભવી એજન્સી સાથે જોઇન્ટ વેન્ચર કરી શકાશે તથા તેને લગત MOUટેન્ડર સાથે અપલોડ કરવાનું રહેશે. | | | |
| ૪ | બનાસકાંઠા જિલ્લાના **માવસરી ખાતે કેમલ શેડનું બાંધકામ.** (વિજળીકરણ સહિત) (બી.એ.ડી.પી. પ્રાયોરીટી અંતર્ગત) (બીજો પ્રયત્ન) | (૧) ૧૩,૦૦,૪૯૧.૪૪<br>(૨) કક્ષા 'ઇ૨' અને ઉપર | (૩) ૧૩,૦૦૫.૦૦<br>(૪) ૯૦૦.૦૦ | - |
| ૫ | સાબરકાંઠા જિલ્લાની **જિલ્લા જેલ હિંમ્મતનગર ખાતે જેલ સ્ટાફ કવાર્ટર કક્ષા બી-૩૨ (જી+3), સી-૦૬ તથા ડી-૦૨ યુનિટનું** બાંધકામ.(વીજળીકરણ સહિત) (જેલ પ્રાયોરીટી અંતર્ગત) | (૧) ૪,૫૬,૬૬,૬૯૨.૮૧<br>(૨) ખાસ કક્ષા-'II' (મકાન) અને ઉપર | (૩) ૪,૫૬,૬૬૭.૦૦<br>(૪) ૬,૦૦૦.૦૦ | ૩/૦૭/૨૦૧૯<br>૧૩ થી ૧૪ |
| ૬ | બનાસકાંઠા જિલ્લાના **વાવ ખાતે ઈન્ટેલીજન્સ બ્યૂરોની કચેરી અને રહેણાંકનું** બાંધકામ. (ડી.જી.પી પ્રાયોરીટી અંતર્ગત) | (૧) ૧,૧૨,૮૨,૮૪૯.૩૦<br>(૨) કક્ષા 'સી' અને ઉપર | (૩) ૧,૧૨,૮૨૮.૦૦<br>(૪) ૩૬૦૦.૦૦ | ૩/૦૭/૨૦૧૯<br>૧૬ થી ૧૭ |

| અ.નં. | ટેન્ડર ઓન-લાઈન ઉપલબ્ધ થવાની તારીખ | ટેન્ડર ઓન-લાઈન સબમીટ કરવાની છેલ્લી તારીખ અને સમય | બાનાની રકમ, ટેન્ડર ફી તેમજ રૂા.૧૦૦/- નો સ્ટેમ્પ પેપર એફીડેવીટ બોન્ડ મોકલવાની છેલ્લી તારીખ , સમય અને સ્થળ |
|---|---|---|---|
| ૧ થી ૪ | ૧/૦૬/૨૦૧૯ | ૨૧/૦૬/૨૦૧૯<br>(૧૮.૦૦ કલાક) | ૨૪/૦૬/૨૦૧૯<br>(૧૮.૦૦ કલાક)<br>કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી,<br>ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લી.,<br>પોલીસ ક્લબ બિલ્ડીંગ,નવા કોમ્યુનીટી હોલની સામે,પોલીસ હેડ ક્વાર્ટર, મહેસાણા-૩૮૪૦૦૧ (ટે.નં.૦૨૭૬૨/૨૨૧૩૭૫) |
| ૫ થી ૬ | ૧/૦૬/૨૦૧૯ | ૨૧/૦૬/૨૦૧૯<br>(૧૮.૦૦ કલાક) | ૨૪/૦૬/૨૦૧૯<br>(૧૮.૦૦ કલાક)<br>મેનેજિંગ ડિરેક્ટરશ્રી,<br>ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લી.,<br>લોકાયુક્ત ભવનની પાછળ, “છ” રોડ,<br>સેક્ટર-૧૦/બી,ગાંધીનગર-૩૮૨૦૧૦<br>(ફોન નં. ૦૭૯-૨૩૨૫૬૮૦૧ થી ૮૦૬) |

કોઈપણ અથવા બધાજ ટેન્ડરો કારણ આપ્યા વગર રદ કરવાનો સંપૂર્ણ હક્ક નિગમ પાસે અબાધિત રાખવામાં આવે છે.

**કાર્યપાલક ઇજનેર,મહેસાણા**